પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૦૪ | ૨૩ જુન, ૨૦૧૮, શનિવાર; નિજ. જેઠ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અનંતનાગમાં ૪ ત્રાસવાદી ઠાર

**રાજ્યપાલ શાસન બાદ કાશ્મીરમાં સેના આક્રમક મોડમાં : અથડામણમાં ૧ પોલીસ જવાન શહિદ : ઠાર કરાયેલ આતંકીની ઓળખ ઈસ્લામીક સ્ટેટ ઓફ જમ્મુ-કાશ્મીરનો પ્રમુખ દાઉદ હતો : ઠાર કરાયેલા ત્રાસવાદીઓ પાસેથી મોતનો મસાલો જપ્ત કરાયો : ત્રાસવાદીઓ સામે ઓપરેશન વધુ તીવ્ર બન્યું : આગામી દિવસોમાં વધુ હુમલાઓ થઇ શકે**



શ્રીનગર,તા. ૨૨

જમ્મુ કાશ્મીરના અનંતનાગમાં સુરક્ષા દળોએ જોરદાર કાર્યવાહી કરીને ૪ ખતરનાક ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. તેમની પાસેથી મોતનો મસાલો પણ જપ્ત કરવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરના અનંતનાગના શ્રીગુફારા વિસ્તારમાં ત્રાસવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. ઠાર મરાયેલા ત્રાસવાદીઓના ઈસ્લામિક કનેકશન હોવાના સમાચાર મળ્યા છે. ઈસ્લામિક સ્ટેટ સાથે કનેક્શન હોવાના અહેવાલથી ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જમ્મુ કાશ્મીરના ડીજીપી એસપી વૈદ્યએ આતંકવાદીઓના ઈસ્લામિક સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીર સાથે સંબંધિત હોવાની શંકા વ્યક્ત કરી છે. એમ કહેવામાં આવી રહ્યું છે કે, માર્યા ગયેલા ત્રાસવાદી કાશ્મીરના નિવાસી હતી. આ એન્કાઉન્ટરમાં ઈસ્લામિક સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીર સાથે સંબંધિત હોવાની શંકા વ્યક્ત કરી છે. માર્યા ગયેલા ત્રાસવાદી કાશ્મીરના નિવાસી હોવાનું જાણવા મળ્યું છે. ઈસ્લામિક સ્ટેટ જમ્મુ કાશ્મીરમાં પગ જમાવવાના પ્રયાસમાં છે તેવા અહેવાલ વધુ મજબૂત બન્યા છે. ઠાર મરાયેલા ત્રાસવાદીઓના ઈસ્લામિક સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીરના લીડર દાઉદનો પણ સમાવેશ થાય છે. અત્રે નોંધનીય છે કે, આ પહેલા

● અનુસંધાન પાન-૭ પર

## શત્રુધ્નસિંહા કોંગ્રેસમાં જોડાવાની દિલ્હીમાં જોરદાર રાજકીય અટકળો

ન્યુ દિલ્હી,તા.૨૨

છેલ્લા કેટલાય સમયથી ભાજપથી નારાજ જણાતા શત્રુધ્ન સિંહા કોંગ્રેસમાં સામેલ થઈને આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી દિલ્હીની ઉત્તર અને પૂર્વ બેઠક પરથી ચૂંટણી લડે તેવી સંભાવના છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે સિંહા હાલ કોંગ્રેસમાં સામેલ થવાની દિશામાં પ્રયાસ કરી રહ્યા છે અને આ માટે તેઓ હાલ કોંગ્રેસના સિનિયર નેતાઓના સંપર્કમાં છે. દિલ્હીની આ બેઠક પરથી હાલ ભાજપના મનોજ તિવારી ચૂંટાયેલા છે, જોકે લોકસભાની આગામી ચૂંટણીમાં કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી અને ભાજપના ઉમેદવારો પણ મેદાનમાં રહેશે. તેથી આ બેઠક પર ત્રિપાંખિયો જંગ ખેલાશે. શત્રુધ્ન સિંહા હાલ બિહારની પટણા સાહિબ બેઠકના ભાજપના સાંસદ છે, પરંતુ તેઓ છેલ્લા ઘણા સમયથી ભાજપથી નારાજ જણાઈ રહ્યા છે અને તેઓ અવારનવાર કેન્દ્રની મોદી સરકારની જાહેરમાં ટીકા પણ કરતા રહ્યા છે.

## ન્યુઝ ટ્રેક

**''પુલિત્ઝર પ્રાઈઝ વિજેતા ચાર્લ્સ ક્રાઉથમરનું નિધન**

ફોક્સ ન્યૂઝ અને વોશિંગ્ટન પોસ્ટમાં લાંબો સમય કાર્ય કરનાર પુલિત્ઝર પ્રાઈઝ વિજેતા ચાર્લ્સ ક્રાઉમથરનુ નિધન થયું છે. તેઓ ૬૮ વર્ષના હતા.

**ભારતની પ્રથમ સ્પેસ ફિલ્મ રીલીઝ**

ભારતની પ્રથમ સ્પેસ ફિલ્મ ટીક, ટીક, ટીક' રીલીઝ થઈ ચૂકી છે. ફિલ્મને સારા રીવ્યૂ મળ્યા છે.

**સાહિત્ય અકાદમીના બાળ સાહિત્ય પુરસ્કારની ઘોષણા**

સાહિત્ય અકાદમીએ ૨૦૧૮ના વર્ષ માટે બાળ સાહિત્ય પુરસ્કાર માટે ૨૩ અને યુવા પુરસ્કાર માટે ૨૧ વિજેતાઓના નામની ઘોષણા કરી છે. બાળ પુરસ્કાર ૧૪મી નવેમ્બરે અપાશે જ્યારે યુવા પુરસ્કાર માટે હજુ તારીખ નક્કી નથી.

**મમતા બેનર્જીની ચીનયાત્રા રદ**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની ચીનયાત્રા રદ થઈ છે. ઉચ્ચસ્તરે બેઠકો યોજવાની અનુકૂળતા ન થતાં આ યાત્રા રદ કરાઈ છે.

**જમ્મુ-કાશ્મીર રાજ્યપાલ આવાસ પર બેઠક**

જમ્મુ-કાશ્મીરમાં રાજ્યપાલ શાસન લગાવ્યા બાદ રાજ્યની સ્થિતિ પર વિચાર વિમર્શ માટે રાજ્યપાલ એન.એન. વોહરાએ સર્વદળીય બેઠક બોલાવી હતી. જેમાં રાજ્યની વિવિધ પાર્ટીઓના નેતા સામેલ થયા હતા.

## કુંભ માટે ત્રણ મહિના સુધી ટોલ ટેક્સ નહીં લેવા નિર્ણય

નવી દિલ્હી,તા. ૨૨

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે કુંભ માટે અલ્હાબાદ આવનાર કોઈ

**કુંભ માટે અલ્હાબાદ આવનાર વાહનોથી કોઇ પણ રસ્તા પર ટોલ ટેક્સ વસુલ ન કરવાનો યોગી સરકારનો નિર્ણય**

પણ વાહનની પાસેથી કોઈ પણ માર્ગ પર એનએચએઆઇ તરફથી વસુલ કરવામાં આવતા ટોલ ટેક્સ ત્રણ મહિના સુધી ન લેવાનો નિર્ણય કર્યો છે. યોગી સરકારના આ નિર્ણયને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આ સંબંધમાં સંતો તરફથી કરવામાં આવેલી માંગને સ્વિકારી લેવામાં આવી છે. ગયા મહિનામાં મુખ્યપ્રધાનની સાથે અખિલ ભારતીય અકાડા પરિષદના પ્રતિનિધીઓની એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકની વિગતમાં અભ્યાસ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યુ છે કે પરિષદના અધ્યક્ષ મહંત ગિરિ મહારાજ અને અખિલ ભારતીય શ્રી પંચ ડિગમ્બર

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વ વ્યાપારમાં ભારતની હિસ્સેદારી વધારવા માટે નક્કર પગલા જરૂરી : મોદી

નવીદિલ્હી,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાંચ ટ્રિલિયન ડોલરના

**બે આંકમાં જીડીપી ગ્રોથને લઇ જવાની દિશામાં કામ જરૂરી છે : નિકાસમાં ભારતનો હિસ્સો કમ સે કમ ૩.૪ ટકા હોવો જોઇએ**

અર્થતંત્રની ક્લબમાં સામેલ થવા માટે ડબલ ડિજિટ જીડીપી ગ્રોથની હાકલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, વિશ્વ વ્યાપારમાં ભારતની હિસ્સેદારી વધારવા માટે નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે. મોદીએ કહ્યું હતું કે, વિશ્વ વેપારમાં ભારતની હિસ્સેદારી ૩.૪ ટકાથી વધુ વધીને નવા સ્તરે પહોંચે તેવી યોજના તૈયાર કરવામાં આવી રહી

● અનુસંધાન પાન-૭ પર



## ભારત પ્રથમવાર છ દેશો સાથે યુધ્ધાભ્યાસ કરશે

ન્યુ દિલ્હી,તા.૨૨

ભારતીય સેના પહેલી વાર શ્રીલંકા, બાંગ્લાદેશ, ભુતાન, નેપાળ, થાઈલેન્ડ અને મ્યાનમારની સેના સાથે મળીને મિલિટરી એકસર્સાઇઝ કરશે. આ એકસર્સાઇઝ પુણેમાં થશે, જેનો હેતુ કાઉન્ટર ટેરરિસ્ટ ઓપરેશનમાં એકબીજાને સહયોગ કરવાની સાથે મિલિટરી ફોરમ ડેવલપ કરવાનો પણ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતાની વિદેશયાત્રાઓમાં આ વાત પર ભાર મૂકતા રહ્યા છે કે ભારત અને પાડોશી દેશોએ સાથે મળીને આતંકવાદ વિરુદ્ધ લડાઈ લડવી જોઈએ. સરકારના એક સિનિયર અધિકારીના જણાવ્યા મુજબ કાઉન્ટર ટેરરિસ્ટ ઓપરેશનમાં સમસ્યા એ થાય છે કે ટેરરિસ્ટ કોઈ એક દેશને પોતાનો બેઝ બનાવીને તેના પાડોશી દેશમાં આતંક ફેલાવે છે.

ઘટનાને અંજામ આપીને ફરી તે દેશમાં પાછો ભાગી જાય છે જ્યાં તેનો બેઝ કેમ્પ હોય છે. તેથી કાઉન્ટર ટેરરિસ્ટ ઓપરેશનની સફળતા તેના પર નિર્ભર કરે છે.

## વડોદરાની શાળામાં વિદ્યાર્થીની વિદ્યાર્થી દ્વારા કરપીણ હત્યા

**ધોરણ-૧૦ના વિદ્યાર્થીએ કરી ધોરણ-૯ની વિદ્યાર્થીની કમકમાટીભરી હત્યા : ચપ્પાના એક પછી એક ૧૫થી વધુ ઘા માર્યા : સ્કૂલ બેગમાંથી ચાકૂ સહિતના પુરાવા જપ્ત : શ્રી ભારતી વિદ્યાલયના બનાવથી રાજયભરમાં ખળભળાટ**

વડોદરા,તા.૨૨

ગુજરાતમાં શિક્ષણજગતને ખાસ કરીને વાલીઓ અને વિદ્યાર્થીઓને હચામચાવી નાંખતો એક ખતરનાક કિસ્સો સામે આવ્યો છે. જેમાં વડોદરા શહેરના બરાનપુરા વિસ્તારમાં શ્રી ભારતી વિદ્યાલયમાં ધોરણ-૧૦ના એક વિદ્યાર્થીએ તેની જ શાળાના ધોરણ-૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીની ચપ્પાના પંદરથી વધુ ઘા મારી અત્યંત કમકમાટીભરી હત્યા કરતાં વડોદરા સહિત રાજયભરમાં ખળભળાટ મચી ગયો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક શાળામાં પહોંચી ગઇ હતી અને તપાસ દરમ્યાન સ્કૂલ પાસેના મંદિરની છત પર પડેલી સ્કૂલ બેગમાંથી ચાકૂ સહિતના કેટલાક પુરાવા જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. જો કે, પોલીસે આ વિદ્યાર્થીની હત્યા શાળાના જ વિદ્યાર્થીએ જ કરી છે કે તેની પાછળ અન્ય કોઈ વ્યકિતનો પણ હાથ છે તેની ખરાઈ કરવા અને હત્યાનું કારણ જાણવા સહિતની બાબતોની સઘન તપાસ આરંભી છે. રાજયભરમાં જબરદસ્ત ખળભળાટ





મચાવનારા આ કિસ્સાની વિગત એવી છે કે, વડોદરા શહેરના બરાનપુરા વિસ્તારમાં આવેલી શ્રી ભારતી વિદ્યાલયના શૌચાલયમાંથી નવમાં ધોરણમાં ભણતા દેવ ભગવાનદાસ તડવી નામના વિદ્યાર્થીનો મૃતદેહ આજે બપોરના સમયે લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચીને આ મામલે તપાસ હાથ ધરી હતી. વિદ્યાર્થીને માથા, પેટ, ગળા અને હાથના ભાગે ઘા માર્યા બાદ દિવાલ સાથે માથુ પછાડીને હત્યા કરી દેવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## એક રાજયમાં એક જ વાર ઈ-વે બિલની તપાસ

ન્યુ દિલ્હી,તા.૨૨

૧ એપ્રિલથી જીએસટીમાં ઇ-વે બિલનો અમલ શરૂ થઇ ગયો છે, પરંતુ અધિકારીઓ દ્વારા ઈ-વે બિલનો જોહુકમી અને મનમાની રીતે નિયમનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા ટ્રાન્સપોર્ટરોને રાહત મળે તે રીતે પગલાં લેવામાં આવ્યાં છે, જેમાં હવે એક રાજ્યમાં કોઈ એક ટ્રકની માત્ર એક જ વાર અધિકારીઓ દ્વારા તપાસ કરી શકાશે. જો કોઈ ટ્રકમાં માલસામાન છે, પરંતુ ઇ-વે બિલ નથી. તો અધિકારી દ્વારા સામાન જપ્ત નહીં કરી શકાય. અધિકારીએ ત્રણ દિવસની અંદર તપાસ રિપોર્ટ અપલોડ કરવાનો રહેશે, જેમાં વચ્ચે રજાના દિવસો પણ કેમ ન હોય. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં પ્રવેશ કરતી વખતે અથવા રાજ્યની અંદર માત્ર એક જ વાર ટ્રકની તપાસ થઇ શકશે. જ્યાં સુધી ટેક્સની ચોરીની કોઇ ખાસ સૂચના ન હોય ત્યાં સુધી અધિકારી દ્વારા કોઈ સખ્ત એક્શન લઈ શકાશે નહીં. કોઈ એક ટ્રકમાં જુદા જુદા ૨૫ કન્સાઇન્મેન્ટ-ચીજવસ્તુ હોય, પરંતુ તેની સામે માત્ર ૨૦ના જ ઈ-વે બિલ હોય તો પાંચ કન્સાઇન્મેન્ટ માટે આખી ટ્રક જપ્ત નહીં કરી શકાય. અધિકારી ઈ-વે બિલ નહીં હોય તો ફોર્મ એમઓવી-૦૧માં નિવેદન નોંધશે. ત્યાર બાદ એમઓવી-૦૨ની ફિઝિકલ તપાસ કરશે અને ૨૪ કલાકની અંદર ઈડબ્લ્યુબી-૦૩ પાર્ટ-એ અપલોડ કરવું પડશે. ત્રણ દિવસની અંદર ફિઝિકલ તપાસનો રિપોર્ટ ઈડબ્લ્યુબી-૦૩ પાર્ટ-બીમાં અપલોડ કરવાનું રહેશે.

**એક રાજ્યમાં કોઈ એક ટ્રકની માત્ર એક જ વાર તપાસ કરાશે**


## રિઝર્વ બેંક દ્વારા ૩૦૪ ફાઈનાન્સ કંપનીઓના લાયસન્સ રદ કરાયા

ન્યુ દિલ્હી,તા.૨૨

નોટબંધી બાદ કેન્દ્ર સરકારે શેલ કંપનીઓ બંધ કરાવવાનું અભિયાન હાથ ધર્યું તે રીતે હવે ફાઈનાન્સ કંપનીઓ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરાઈ છે. કેટલીક નામાંકિત કંપનીઓએ પોતાની ફાઈનાન્સ કંપનીઓ શરૂ કરી છે. પરંતુ આ પૈકીની કેટલીક ફાઈનાન્સ કંપનીઓએ રિઝર્વબેંકના નિયમોનું ઉલ્લંઘન કર્યુ છે. કેટલીક કંપનીઓએ સામે ચાલીને પોતાના લાયસન્સ જમા કરાવી દીધા હતા. વર્ષ ૨૦૧૬ થી જૂન ૨૦૧૮ સુધીમાં દેશની ૩૦૪ ફાઈનાન્સ કંપનીઓ સામે રિઝર્વબેંકે કાર્યવાહી કરી છે. જેમાં ગુજરાતની ૧૫ કંપનીઓનો સમાવેશ થાય છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ
**પુણ્ય સ્મરણ**



**સ્વ. ભગવતભાઈ સુથાર**
સ્વર્ગવાસ તા. ૨૩-૬-૨૦૧૬

जातस्य हि ध्रुवो मृत्यु -
ध्रुवं जन्म मृतस्य च ।
तस्माद्परिहार्येऽर्थे
न त्वं शोचितुमर्हसि ॥
શ્રીમદ ભગવદ્ ગીતા - ૨-૨૭

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને
મરેલાનો જન્મ નક્કી છે.
તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં
શોક કરવાનું તારા માટે યોગ્ય નથી
શ્રીમદ ભગવદ્ ગીતા ૨-૨૭

પૂજ્ય બાપુજી,
દ્વિતિય પુણ્યતિથિએ શત્ શત્ પ્રણામ....

અરૂણા એમ. ગજ્જર
હેમા આર. ગજ્જર
સંધ્યા એચ. ગજ્જર
કામિની બી. સુથાર
ડો. બિંદી એમ. પંડ્યા
ડો. દેવી બોની ગજ્જર
મહેન્દ્ર બી. ગજ્જર
રાજુ બી. ગજ્જર
ડો. હર્ષદકુમાર બી. ગજ્જર
બિપીનકુમાર એન. સુથાર
ડો. મિહિર બી. પંડ્યા
ડો. બોની મહેન્દ્ર ગજ્જર
મીલી રાજુ ગજ્જર
ગં.સ્વ. કમળાબેન ભગવતભાઈ સુથાર
તથા સમગ્ર પરિવાર